# અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૧૧/૦૮/૨૦૨૫
રજુ. તારીખ : ૧૧/૦૮/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦ – ૦૭ – ૦૩

**ફોજદારી કેસ નંબર : ૩૯૦૯/૨૦૨૫.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ :– (૧) **સાજણ જીલુભાઈ મકવાણા,**
ઉ.વ.આ. ૩૨, ધંધો–મજુરી,
રહેવાસી : જૂનાગઢ, મુબારકબાગ,

(૨) **અશ્વિન હરસુખભાઈ સોલંકી,**
ઉ.વ.આ. ૧૯, ધંધો–મજુરી,
રહેવાસી : જૂનાગઢ, મુબારક બાગ,

(૩) **શૈલેષ વેલજીભાઈ શાપરા,**
ઉ.વ.આ. ૧૯, ધંધો–મજુરી,
રહેવાસી : જૂનાગઢ, નવા ભવનાથ પાસે,
લાલ ઢોર પાસે,

(૪) **અસ્લમ નદીમભાઈ મકરાણી,**
ઉ.વ.આ. ૨૨, ધંધો–મજુરી,
રહેવાસી : જૂનાગઢ, દાતાર રોડ,
વિવેકાનંદ પુતળા પાસે,

**આરોપ :- <u>જુગાર ધારાની કલમ-૧૨ મુજબ.</u>**

## -: ઠ રા વ :-

**(૧)** આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૬:૦૦ વાગ્યે જૂનાગઢ મુબારક બાગમાં મંદિર પાસે જાહેરમાં તીનપતી નામનો હારજીતનો પૈસા પાના વડે જુગાર રમતા ગંજી પતાના પાના નંગ-૫૨ તથા કુલ રૂ.૭,૨૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની ફરિયાદ, ફરિયાદીએ જૂનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

**(૨)** આજરોજ આરોપીઓ હાજર હોય આરોપીઓ તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપીઓ ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

**(૩)** આરોપીઓની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીઓની ગુનાની કબુલાત સ્વીકારવામાં આવે છે, આરોપીઓ ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીઓને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને દરેક આરોપીને **રૂા.૨૦૦/-** (અંકે રૂપિયા બસ્સો પુરા) કુલ **રૂા.૮૦૦/-** (અંકે રૂપિયા આઠસો પુરા) નો દંડ તથા દંડ ન ભરે તો દિન-૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક–૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલ રોકડ રકમ અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાલસા કરવી જયારે જુગારના સાહિત્યનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ **૧૪મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સહી કરી રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**

**એમ.એમ. નં............. તા..................... થી**
**રૂા................................ દંડના વસુલ લીધા.**

**નાઝીર,**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.**